ધી ગુજરાત શીડ્યુલ્ડ કાસ્ટસ, શીડ્યુલ્ડ ટ્રાઇબ્સ એન્ડ અધર બેકવર્ડ ક્લાસીસ (રેગ્યુલેશન ઓફ ઇશ્યુઅન્સ એન્ડ વેરીફિકેશન ઓફ કાસ્ટસ સર્ટીફિકેટ્સ) એક્ટ, ૨૦૧૮ અન્વયે નિયમો બનાવવા માટે સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: અજપ/૧૦૨૦૧૮/૪૧૯/ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૦૮/૦૮/૨૦૧૯

**વંચાણે લીધા:**

(૧) ધી ગુજરાત શીડ્યુલ્ડ કાસ્ટ , શીડ્યુલ્ડ ટ્રાઇબ્સ એન્ડ અધર બેકવર્ડ ક્લાસીસ (રેગ્યુલેશન ઓફ ઇશ્યુઅન્સ એન્ડ વેરીફિકેશન ઓફ કાસ્ટસ સર્ટીફિકેટસ) એક્ટ, ૨૦૧૮

(૨) કમિશનર, આદિજાતિ વિકાસની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૦૮/૦૮/૨૦૧૯નો પત્ર નં. આવિ/તાસ/૩૯૯૩/૨૦૧૯/૧૭૭૯

**પ્રસ્તાવના:**

ધ ગુજરાત શીડ્યુલ્ડ કાસ્ટસ, શીડ્યુલ્ડ ટ્રાઇબ્સ એન્ડ અધર બેકવર્ડ ક્લાસીસ (રેગ્યુલેશન ઓફ ઇશ્યુઅન્સ એન્ડ વેરીફિકેશન ઓફ કાસ્ટસ સર્ટીફિકેટ્સ) એક્ટ, ૨૦૧૮ તા.૨૫/૦૨/૨૦૧૯થી અમલમાં આવેલ છે. આ કાયદાનું સારી રીતે અમલીકરણ અને નિયમન કરી શકાય તે માટે તેના નિયમો બનાવવા જરૂરી છે. આ અંગે નિયમો બનાવવાની પ્રક્રિયા સરકારની વિચારણા હેઠળ છે. તા.૦૭/03/૨૦૧૯ના નોટીફિકેશનથી ડ્રાફ્ટ્સ રૂલ્સ બહાર પાડી જાહેર જનતા પાસેથી વાંધા-સૂચનો મંગાવવામાં આવેલ. જે વાંધા-સૂચનોનો અભ્યાસ કરી જાહેર જનતાના અને આદિજાતિઓના હિતાર્થે ઉક્ત અધિનિયમ અંગેના આખરી નિયમો સત્વરે બહાર પડે તે જરૂરી છે. આ અંગે એક સમિતિની રચના કરવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે ધ ગુજરાત શીડ્યુલ્ડ કાસ્ટ , શીડ્યુલ્ડ ટ્રાઇબ્સ એન્ડ અધર બેકવર્ડ ક્લાસીસ (રેગ્યુલેશન ઓફ ઇશ્યુઅન્સ એન્ડ વેરીફિકેશન ઓફ કાસ્ટસ સર્ટીફિકેટસ)એક્ટ,૨૦૧૮ અંતર્ગત તા.૦૭/03/૨૦૧૯ના નોટીફિકેશનના અનુસંધાને મળેલ વાંધા-સૂચનોનો અભ્યાસ કરી નિયમો અંગેના ડ્રાફ્ટસમાં સુધારા અંગેની ભલામણ માટે એક " સમિતિ " ની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે. જેનું માળખું નીચે પ્રમાણે રહેશે.

| ક્રમ | અધિકારીનું નામ અને હોદ્દો | કચેરીનું નામ | સમિતિમાં હોદ્દો |
|---|---|---|---|
| (૧) | શ્રી જે.રંજીથકુમાર, આઇ.એ.એસ., કમિશનર(આ.વિ.) | કમિશનરશ્રી,આદિજાતિ વિકાસની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | અધ્યક્ષ |
| (૨) | શ્રી વી.યુ.વસાવા, મદદનીશ કમિશનર | કમિશનરશ્રી,આદિજાતિ વિકાસની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્ય સચિવ |
| (3) | શ્રી દેવચંદ વહોનિયા, સંશોધન અધિકારી, વર્ગ-૨ | ટી.આર.ટી.આઇ., ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ | સભ્ય |
| (૪) | શ્રી એસ.એમ. કકકડ, આદિજાતિ વિકાસ અધિકારી | કમિશનરશ્રી,આદિજાતિ વિકાસની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્ય |
| (૫) | શ્રી સી.જી.રાબડીયા, મદદનીશ કમિશનર | મદદનીશ કમિશનરશ્રીની કચેરી(આ.વિ.), અમદાવાદ | સભ્ય |

Scanned by CamScanner

આ સમિતિએ તા.૦૭/૦૩/૨૦૧૯ના સમાનાંકી જાહેરનામાના અનુસંધાને અનુસૂચિત જનજાતિ માટે જાતિ પ્રમાણપત્રો અંગે આવેલ/મળેલ વાંધા-સૂચનોનો અધિનિયમના પરિપ્રેક્ષ્યમાં વિગતવાર જરૂરી અભ્યાસ કરી નિયમો અંગેના ડ્રાફ્ટસમાં સુધારા સૂચવવાના રહેશે. ત્યારબાદ સૂચિત આખરી મુસદ્દો દિન ૧૦માં સમિતિની ભલામણ સાથે સરકારશ્રીને મંજૂરી અર્થે રજૂ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા. ૦૮.૦૮.૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આઇ.ઠક્કર)
સરકારના ઉપસચિવ

નકલ રવાના:

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રી ના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા ના અંગત સચિવશ્રી, અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (રા.ક.) આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (રા.ક.) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- વિભાગની સર્વે શાખાઓ.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ

Scanned by CamScanner